**લીંબડી ના મહે. એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–લીંબડી**

**<u>ક્રિ.કેસ નં. ૧૫૯/૨૦૨૬</u>**

**આંક– ૦૫**

ફરીયાદી :– સરકાર

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી:– દેવાયતભાઈ શામળાભાઈ કળોતરા

---

**<u>–: હુકમ :–</u>**

ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ હાલના આરોપીએ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૮૧ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયા બાદ તેઓને કોડ ઓફ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે કેસના કાગળોની નકલ આપ્યાની ખાત્રી કર્યા બાદ તેમના સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેઓની સામે જે ગુનાનો આક્ષેપ છે તે તેઓને કબુલ છે તેવું જણાવતાં તેઓને જણાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને કાયદા મુજબ નિયત કરેલ સજા થઈ શકે છે તેવી સમજ આપવામા આવેલ તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવું જણાવે છે. જેથી આરોપીની તેની સામેના ગુના બાબતેનું સંગ્ના–સમજ આપી પ્લી નીચે રેકર્ડ કરવામાં આવી છે. તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

આરોપીએ ગુના કબુલાત કરી એવી મૌખિક રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહી કરી તેની ખાત્રી આપેલ છે, અને દયા કરી ઓછી સજા કરવા અરજ કરેલી છે.

આરોપીની રજુઆતને લક્ષમાં લેતાં,બી.એન.એસ ની ક.૨૮૧ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જે સ્વીકૃત હકીકત છે. સબબ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતાં, આરોપી નો પ્રથમ ગુનો હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં રૂા.૧૦૦–(અંકે રૂપિયા એક સો પુરા)નો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

આરોપીને બી.એન.એસ. ની કલમ ૨૮૧ ની જોગવાઈનાં ભંગ બદલ શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને **રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા) દંડ** કરવામાં આવે છે. દંડ ના ભરે તો કસુર બદલ દિન–૦૧ (એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૪ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સહી કરી નેશનલ લોક અદાલતમાં સ્પે.સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: લીંબડી.
તારીખ : ૧૪–૦૩/૨૦૨૬

મોહિત આર.ત્રિવેદી
અધિક જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
લીંબડી.(GJ01575)